ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૭/૨૦-૨૧/ 3484 તારીખ : - 8 OCT 2020

કેસ ન.૦૭/૨૦-૨૧

પ્રતિ,
કાનાણી રસિકભાઈ રવજીભાઈ,
રહે. બાલદાણા, તા. વઢવાણ,
જી. સુરેન્દ્રનગર

**મો : ૯૫૧૨૩૪૫૭૭૪**

**વિષય : એક જ મીટરના ૨ બીલ મળવા તથા રુટ કોડ મુજબ બીલ ગોઠવવા બાબત.**

સંદર્ભ : આપનો પત્ર તા. ૦૪.૦૬.૨૦. અત્રેની કચેરીને મળ્યા તા.૧૧.૦૬.૨૦.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( આર.કે. વેગડા )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ— ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

નકલ રવાનાઃ—
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગ્રામ્ય લીંબડી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૦૭/૨૦-૨૧ નો હુકમ

વાદી મેં **કાનાણી રસિકભાઈ રવજીભાઈ**, બલદાણા, તા. વઢવાણ દ્વારા તેમના ઘર વપરાશના બે વીજ બીલ મળવા બાબતની ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં ઝેડ/ફોરમ/૦૭/૨૦-૨૧/૨૦૧૨ તા.૧૬.૦૬.૨૦. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને મળતા ૨ બીલ પેકી ૧ બીલના વીજ કનેક્શનનું વીજ જોડાણ કાપી નાખતા હવે અરજદારને ૧ જ બીલ મળશે તે બાબત સુનિશ્ચિત કરી નવા વીજ જોડાણનો રૂટ કોડ પણ ચેન્જ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે.

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમજ તેમના તા. ૨૦.૦૮.૨૦ ના પત્ર તથા વાદીની તા. ૨૦.૦૮.૨૦ તેમજ તા. ૦૭.૧૦.૨૦ ની મીટીંગમાં સતત ગેરહાજરી અને તે અંગે ફોરમનો કોઈ સંપર્ક કરવામાં ન આવતા હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી તેમ જણાય છે, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે એમ. મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગોરરાજર
(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર. વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ : ૦૭.૧૦.૨૦

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar